બોલ

આદિવાસી બાળકોનું બાલપત્ર

અંક : ૫

ઓક્ટોબર - ૨૦૨૫



આદિવાસી બાળકોનું બાલપત્ર

ઓક્ટોબર ૨૦૨૫
વર્ષ ૧, અંક - ૫

સંપાદક : વસંત રાઠવા

ચિત્રકાર : નજરૂ રાઠવા

અક્ષરાંકન : સંજય રાઠવા

બુક ડિઝાઈન : સંજય રાઠવા

સલાહકાર : ડૉ.મદન મીણા

નિર્માણ, સંયોજન, અને આયોજન : વસંત રાઠવા, ગોપસિંગ રાઠવા, અર્જુન રાઠવા

પ્રકાશક : ભાષા સંશોધન પ્રકાશન કેન્દ્ર
૩, પરિચય પાર્ક, મહારાણા પ્રતાપસિંહ સર્કલ પાસે દિવાળીપુરા- જૂના પાદરા રોડ, વડોદરા ૩૯૦ ૦૦૭, ગુજરાત

ફોન નં. : ૯૮૭૯૭૨૬૪૪૧

ઈ-મેઈલ : bhasharesearch@gmail.com

વેબસાઈટ : www.bhasharesearch.org

આદિવાસી બાળકોનું બાલપત્ર ઈ-બુક PDF ફોર્મેટમાં કરવામાં આવેલ છે.

અનુક્રમણિકા

૧. સંપાદકીય	વસંત રાઠવા	....૧
૨. રીંગણની કમાલ (વાર્તા)	ભાવના રાઠવા	....૩
૩. ઢીંગલી (ગીત)	શર્મિલા રાઠવા	....૬
૪. નવો જમાનો (ગીત)	સંકલન	....૭
૫. પાડો અને શિયાળ (વાર્તા)	ભાવસિંગ રાઠવા	....૮
૬. શું તમે જાણો છો?	સંજય રાઠવા	....૧૦
૭. વાંજીયો રાજા (વાર્તા)	પર્વત વાદી	....૧૧
૮. દિવાસા (ગીત)	સુરજ રાઠવા	....૧૫
૧૨. રાજા કાકરી વિનો?	પ્રા.ડૉ. અરવિંદ પટેલ	....૧૭
૧૩. શોધ અને શોધક	વસંત રાઠવા	....૨૩
૧૬. ઉખાણાં	સંજય રાઠવા	....૨૫
૧૭. ફરી મળીશું	વિક્રમ ચૌધરી	....૨૭
૧૮. ગીત	વનિતા વળવી	....૨૯

'બોલ' ના વાચકમિત્રોને વિનંતી છે કે 'બોલ'માં સમાવાયેલ વિષયોને અનુરૂપ જો કોઈ લખાણ તમારી પાસે હોય અથવા આપને લખવાની ઈચ્છા હોય તો તે લખી નીચેનાં સરનામે મોકલશો.

સંપાદક : 'બોલ'

વસંત રાઠવા

વસંત શાળા, આદિવાસી અકાદમી, તેજગઢ,

તા.જી. છોટાઉદેપુર

મો.૯૮૭૯૭૨૬૪૪૧

સંપાદકીય

બાળદિન – 14 નવેમ્બર : બાળકોના સ્વપ્નો અને બાળપણની ઉજવણી

ભારતમાં દર વર્ષે 14 નવેમ્બરને બાળદિન તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસ રાષ્ટ્રના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નહેરુની જન્મજયંતિ છે. નહેરુજીને બાળકો અત્યંત પ્રિય હતા. તેઓ માનતા કે બાળકો દેશના ભવિષ્યના સાચા શિલ્પી છે. બાળકોના નિર્લેપ મન, તેમની સચ્ચાઈ અને નિર્દોષતા નહેરુજીને ખૂબ ગમતી. તેથી જ બાળકો તેમને પ્રેમથી “ચાચા નહેરુ” તરીકે ઓળખતા. બાળદિન એ બાળકોના જીવન, અધિકાર, સ્વપ્નો અને ખુશાળ બાળપણના મહત્વને ઉજાગર કરવાનો દિવસ છે.

આજના યુગમાં બાળક બનવું જેટલું સુંદર છે એટલું જ પડકારરૂપ પણ છે. સ્પર્ધા, ટેકનોલોજી, અભ્યાસનો દબાવ, બદલાતી જીવનશૈલી—બધા બાળકોના જીવનને અસર કરે છે. આવા સમયમાં બાળદિન આપણને યાદ અપાવે છે કે દરેક બાળકને સુરક્ષા, પ્રેમ, રમત, શિક્ષણ, સ્વાસ્થ્ય અને અવસરનો અધિકાર છે. માતાપિતા, શિક્ષકો અને સમાજનું કર્તવ્ય છે કે બાળકો માટે એવી પરિસ્થિતિ ઉભી કરે જ્યાં તેઓ નિર્ભય, આનંદિત અને સર્જનાત્મક બની શકે.

બાળપણ એ જીવનનો સૌથી કિંમતી સમય છે. આ સમયમાં વિકસેલા સંસ્કાર, મૂલ્યો અને શિક્ષણ જીવનભર માર્ગદર્શક બને છે. દરેક બાળકની અંદર એક અનોખી

પ્રતિભા છુપાયેલી હોય છે—કોઈમાં કલા, કોઈમાં ગણિત, કોઈમાં રમતો, કોઈમાં ભાષાઓ અને કોઈમાં સંગીત. બાળદિન એ સમય છે જ્યારે દરેક બાળકની આ અદ્વિતીય શક્તિઓને ઓળખવાની જરૂર છે.

શિક્ષકો અને માતાપિતા જો બાળકોને પ્રોત્સાહન, યોગ્ય માર્ગદર્શન અને વિશ્વાસ આપે તો તેઓ જીવનમાં અદ્ભુત ઊંચાઈઓ સુધી પહોંચી શકે છે.

આજના સમયમાં માત્ર અભ્યાસ પૂરતો નથી; સંવેદના, સર્જનાત્મકતા, કુદરત પ્રત્યેનો પ્રેમ, સામૂહિક ભાવના, ખરાઈ અને સહકાર—આ મૂલ્યો પણ એટલા જ મહત્વના છે. બાળકોને કુદરત સાથે જોડવાની, તેમને લોકકલા, વારસા અને સંસ્કૃતિ વિશે જણાવવાની, તેમજ નવી ટેકનોલોજીનો સંતુલિત ઉપયોગ શીખવવાની જરૂર છે.

સમાજમાં બાળકોને સુરક્ષિત અને માનભર્યું સ્થાન મળે ત્યારે જ દેશનું ભવિષ્ય મજબૂત બને છે.

આ દિવસ બાળકોને માત્ર મીઠાઈ, રમતો કે કાર્યક્રમોની મોજ કરાવવાનો દિવસ નથી; આ દિવસ બાળકો પ્રત્યેની આપણી જવાબદારીનું સ્મરણ કરાવવાનો દિવસ છે. દરેક બાળક સ્મિત કરે, સ્વપ્ન જુએ અને તે સ્વપ્ન પૂરા કરવાની તકો મેળવે—આ જ સાચો બાળદિનનો અર્થ છે.

રીંગણની કમાલ (વારતા)

એક ડોસો અને એક ડોસી હતી. તેમને છોકરા ન હતા. એક દિવસ ડોસીએ વિચાર કર્યો કે આજે મારે હાટ જવું છે આમ વિચારીને ડોસી હાટે જવા માટે ઘરેથી જાય છે. રસ્તામાં એક ડોસો ભેગો થાય છે. ડોસો કહે છે કે અલી ડોસી તું કયાં જાય છે. ડોસી કહે છે કે હું હાટ જાઉ છું. હાટ જઈને પાછી ઘરે આવે છે ત્યારે પાછો પેલો ડોસો મળે છે. ડોસો કહે છે કે ઓ ડોસી તું હાટેથી શું લાવી? ત્યારે ડોસી કહે, છે કે ટકા ના રીંગણ લાવી છચું અને સાત રીંગણ આપ્યા પછી ઘરે આવે છે ને વિચાર કરે છે કે છ રીંગણને કાપીને શાક બનાવુ. એક રીંગણને કોઠીમાં મૂકી દીધું. પછી તરત શાક બનાવીને રોટલા બનાવ્યા અને પછી પેલી ડોસી વિચાર કરવા લાગી કે મારે કોઈ નાનું મોટું છોકકરી-છોકરો નથી. ખેતરમાં ડોસો જાર સાચવા ગયેલો છે, તેને ભાત આપવા પણ હવે કોણ જાય. ત્યારે પેલું રીંગણ બોલવા લાગ્યું, કે દાદીમાં હું

ભાત આપવા જાઉ ત્યારે પેલી ડોસી વિચાર કરવા લાગી કે આ કોણ બોલ્યું મારે તો છોકરી કે છોકરો નથી. આ અવાજ કયાંથી આવ્યો. પછી ડોસીમાં પાછી કોઠી પાસે જઈને ઉભા રહીને ત્યાં કહેવા લાગી કે આ ડોસાને ભાત આપવા જવાનું છે અને કોણ ભાત આપવા જાય ત્યારે પેલું રીંગણ બોલવા લાગ્યું કે દાદીમાં હું દાદાને ભાત આપવા જાઉ છું. ત્યારે પેલી ડોસી વિચારમાં પડી ગઈ કે આ રીંગણ ભાત ડોસાને આપવા જવાનું કહે છે. તો લાવને રીંગણને બાંધી આપુ એમ વિચારી પેલી ડોસીમાં રીંગણ સાથે ભાત બાંધે છે. રીંગણ ત્યાંથી ગબડવા લાગ્યું અને ત્યાંથી ખેતરે જઈને બોલવા લાગ્યું કે દાદા લો આ ભાત જમી લો. ત્યારે ડોસો વિચાર કરવા લાગ્યો કે આ કોણ બોલે છે. છોકરાનો અવાજ કયાંથી આવે છે પછી બહુજ મોટેથી બુમ પાડે છએ કે લો દાદા ભાત જમી લો. ત્યાર પછી માંચી ઉપરથી ઊતરીને છેડે આવે છે ત્યારે પાછું બોલવા લાગ્યું પછી ડોસો ભાત ખાઈ જાય છે. અને રીંગણને સાથે લઈને પાસે મૂકે છે પછી સાંજે ઘેર આવે છે.

ત્યાર પછી રાત્રે જાર સાચવવા જવા માટે તે ડોસો વિચાર કરે છે કે મારે છોકરો નથી કોણ મારી સાથે આવે ત્યારે જ પેલું રીંગણ બોલવા લાગ્યું દાદા.. દાદા હું સાથે આવું એમ બોલવા લાગ્યું. પછી તે બંને ડોસા અને રીંગણ ખેતર જાય છે. પછી માંચી ઉપર ચડે છે. રાત્રે સાત ચોર આવે છે અને ચોર જાર કુટવાનું ચાલું કરે છે. પછી પેલો ડોસો બોલવા લાગ્યો. ઓ એ ખેતરમાં કોઈ જાર કુટે તને દેખાતું નહીં. ત્યારે પેલા ચોર વિચાર કરવા લાગ્યા કે આ ડોસાને મારી નાખીએ પછી પેલા ડોસાને મારી નાખે છે. પછી પાછા ચોર લોકો જાર કુંટવાનું ચાલુ કર્યુ પછી રીંગણ બોલ્યું કે, હેકો જાર કુટે છે. ત્યારે પેલા ચોર લોકો વિચારે છે કે આ કોણ બોલ્યું ડોસાને તો મારી નાખ્યો. પછી પાછા માળીએ જાય છે. ત્યારે રીંગણ પડેલું દેખાય છે પછી રીંગણને સાત કટકા કરી નાખે છે. સાત ચોરો એક એક ટુકડો ખાઈ જાય છે પછી પાછા જાર

કુટવાનું ચાલું કરે છે. પછી પાંછું એક જણના પેટમાંથી બોલ્યું કે હે કો જાર કુટેલા પછી પેલા ચોરો વિચાર્યુ કે આ તારા પેટમાં બોલ્યું આમ કરીને તે ચોરને મારી નાખ્યો. પછી પાછા જાર કુંટવાનું ચાલું કર્યું. પાછું બીજાના પેટમાં રીંગણ બોલે છે અને બીજા ચોરને મારી નાખે છે.

પછી જાર કુંટવાનું ફરી ચાલું કર્યુ. ત્યારે પાછું ત્રીજા ચોરના પેટમાં બોલ્યું પછી બધા કહે છે કે આ તારા પેટમાં બોલે છે કરીને ત્રીજાને પણ મારી નાખે છે. પછી જાર કુંટવાનું ચાલું કર્યુ પછી તે ચોથા ચોરના પેટમાં બોલ્યું પછી તે ચોથાને મારી નાખ્યો. પછી ચોર પાછા જાર કુંટવાનું ચાલું કર્યુ પછી પાંચમાં ચોરના પેટમાં બોલ્યું પછી તેને પણ તારા પેટમાં બોલે છે કરીને મારી નાખ્યા. પછી પાછા જાર કુંટવાનું ચાલું કર્યુ એટલે પછી પાછું પેલા છઠ્ઠા ચોરના પેટમાં બોલવા લાગ્યું પછી પેલા વિચાર કરવા લાગ્યા કે આ તારા પેટમાં બોલે છે કરીને છઠ્ઠાને પણ મારી નાખે છે. અને પછી એક જ ચોર રહે છે. પછી તે જાર કુંટવાનું ચાલુ કર્યુ પછી તે ચોર જાતે જ મારા પેટમાં બોલ્યું આમ કરીને મરી જાય છે.

રીંગણ પછી સવારે ડોસાને સજીવન કરે છે અને ડોસાને ઘરે લઈ આવે છે. ઘરે આવીને રીંગણ દાદીમાને કહે છે, દાદીમાં હું સાત ચોરને મારી નાખ્યા.

ઢીંગલી (ગીત)

ભાઈ ઢીંગલી ઢીંગલી ઢીંગલી
ભાઈ ઢીંગલી ઢીંગલી ઢીંગલી
માડી મારે નથી જવું જવું સાસરીયે
કપડાં ધોવું તો મારા હાથ દુઃખી જાય-ભાઈ
પાણી ભરુ તો મારી કેડ દુઃખી જાય
કચરો વાળુ તો મારી કેડ દુઃખી જાય – ભાઈ
વાસણ ઘસુ તો મારા હાથ દુઃખી જાય
ચૂલો ફૂંકુ તો મારી આંખો દુઃખી જાય
રોટલો ઘડુ તો મારા હાથ દુઃખી જાય
તેથી નથી જવું મારે સાસરીયે...ભાઈ

નવો જમાનો (ગીત)

પાટી લો, પેન લો, દફતર લઈ જાવ
આતો ભણતરનો જમાનો છે...
બસમાં જાવ કે ચાલતા જાવ
નિશાળ જલદી જાઓ
આતો ભણતરનો જમાનો છે...
નિશાળ ઘણી દૂર છે પણ
ચાલતા નિશાળ જાવ
આતો ભણતરનો જમાનો છે...
પુસ્તક લો, નોટ લઈ જાવ,
કંપાસ વગર ચાલે
એતો ભણતરનો જમાનો છે...
છોકરો ભણેને સાથે છોકરીને પણ ભણાવો
આતો નવો જમાનો આવ્યો છે
ઢોર ચરાવવા, બાળ સંભાળવા
દીકરી ને અભણ ન રાખીએ



પાડો અને શિયાળ (વારતા)

એક જંગલ હતું. એ જંગલમાં ઘણા પ્રાણીઓ રહે. આ જંગલમાં એક હેલાદાદા (પાડો) અને એક કોલાદાદા (શિયાળ) રહેતા હતા. આ જંગલમાંથી એક ઝરણું પસાર થતુ હતું. આ ઝરણામાં ઉનાળામાં પાણી ઓછું થઈ દતુ હતું. બધા પશુ પક્ષીઓ પ્રાણીઓ અહીં પાણી પીવા આવતા હોવાથી એક બીજા સાથે મિત્રતા બંધાય ગઈ હતી. એજ રીતે હેલાદાદા અને કોલાદાદા વચ્ચે મિત્રતા બંધાઇ ગઈ. હવે હેલાદાદા ચરવા માટે કોલાદાદાના ઘર તરફ જાય અને કોલાદાદા ચરવા માટે હેલાદાદાના ઘર તરફ આવે. બંન્ને સાથે રહે, સાથે ફરે અને સાથે ચરે. પાણી પીવા પણ સાથે જાય. આવી રીતે મહિનાઓ વિતતા ગયા. એમની મિત્રતા વધતી ગઈ.
એક ઉનાળો એવો આવ્યો કે સખત તાપ પડવા લાગ્યો અને પાણી સુકાવવા લાગ્યુ. એક દિવસે ઝરણાંમાં થોડું પાણી રહ્યું અને કોલાદાદા કરતા હેલાદાદા ત્યાં પહેલાં પહોંચી ગયા. આથી હેલાદાદા એ બધુ પાણી પી લીધું. પાણી પીધું એટલામાં કોલાદાદા ત્યાં આવી ચડયા. આ જાઈ કોલાદાદા રડવા લાગ્યા અને કહે, 'હું પાણી વગર મરી જઈશ. મને થોડું પાણી આપ.' હેલાદાદા બધું પાણી પી ગયા હતા. પાણી આપવું કયાંથી?

હેલાદાદાએ વિચાર્યુ, 'મેં તો પાણી પીધું પણ મારો મિત્ર શું કરશે? મારા પેટમાંથી એને પાણી આપવું જોઇએ.' આમ વિચારી તેણે કહ્યું, 'કોલાદાદા તું મારા પેટમાં ભરાઈને પાણી પી લે, પણ એક શરત. પેટમાં ઉપરના ભાગે જતો નહીં.' કોલાદાદા હેલાદાદાના પેટમાં ભરાયા.

પાણી પીધા પછી વિચાર્યુ કે હેલાદાદાએ કહ્યું છે કે, ઉપર જતો નહીં પણ જઉ તો ખરો, ઉપર શું છે? કોલાદાદાએ ઉપર જોયું તો એ ચમકાયા, આ તો મધપૂડો છે. કોલાદાદાને થયું, 'મને મધપૂડો આપવા માગતા નથી એટલે ઉપર જવાની મનાઈ કરી હતી.' ખરે ખર એ મધપૂડો નહીં પરંતુ હેલાદાદાનું કલેજું હતું. એ કોલાદાદાએ તોડીને ખાઈ લીધું. એથી હેલાદાદા મૃત્યુ પામ્યા. એટલે જયાંથી કોલાદાદા હેલાદાદાના પેટમાં ભરાયા હતા એ દ્વાર બંધ થયો. ઉનાળાના કારણે હેલાદાદાનું શરીર ધીરે ધીરે સુકાવા લાગ્યું. આમ દિવસો વિતતા ગયા. કોલાદાદા હેલાદાદાના પેટમાં જ રહ્યા. એક દિવસે વરસાદના આગમનમાં જોરથી પવન ફુંકાવા લાગ્યો. પવન જોરથી ફૂંકાવાને લીધે સુકાઈ ગયેલુ હેલાદાદાનું શરીર આમતેમ ઉડવા લાગ્યું. ગબડવા લાગ્યું. આથી જયારે-જયારે પવન આવે ત્યારે-ત્યારે તે શરીર ગબડે એટલે એમાં રહેલા કોલાદાદા મોટેથી બૂમ મારે, 'હો, હો.' હેલાદાદા હો-હો એટલે કે ઊભો રહે, હેલાદાદા ઊભો રહે. હવે કોલાદાદાને કાળજુ ખાવા બદલ પસ્તાવો થવા લાગ્યો. આમ બે ત્રણ દિવસે પવનના કારણે આમથી તેમ તેમથી આમ હેલાદાદાનું શરીર ગબડતું ગયું. કોલાદાદાને લાગ્યું હવે તો મારું મોત નક્કી જ છે.
પરંતુ ચોથા દિવસે વરસાદ પડ્યો. વરસાદ પડવાના કારણે હેલાદાદાનું શરીર ભીનું થયુ અને કોલાદાદા તેમાંથી બહાર નીકળી શક્યા.

આમ કોલાદાદાએ હેલાદાદાની મિત્રતા હેલાદાદાનું કાળજુ ખાઈને ટૂંકી કરી નાખી. આથી જ કહેવાય છેકે કોઈપણ સાચો મિત્ર મિત્રને મારવા કરતા તારવા માટે જ પ્રયત્નો કરે છે.

શું તમે જાણો છો ?

૧. ગુજરાતમાં સૌ પ્રથમ સરકારી શાળા કયાં શરુ થઈ હતી ?
(૧) વડોદરામાં (૨) ગાંધીનગરમાં (૩) અમદાવાદમાં (૪) હિંમતનગરમાં

૨. પ્રથમ ભારતીય મેગ્સેસે એવોર્ડ જીતનાર કોણ હતા ?
(૧) રવિન્દ્રનાથ ટાગોર (૨) ઈન્દિરા ગાંધી
(૩) સરોજીની નાયડુ (૪) વિનોબાભાવે

૩. અકબરના રત્નોમાંનું પ્રથમ રત્ન કયું ?
(૧) તાનસેન (૨) મુલ્લાદોપ્યાઝા (૩) બિરબલ (૪) ફૈઝી

૪. ગુજરાતી ભાષાની પ્રથમ ઐતિહાસિક નવલકથા 'કરણ ઘેલો' કોણે લખી હતી ?
(૧) નર્મદ (૨) નંદશંકર મહેતા (૩) ગોવર્ધનરામ ત્રિપાઠી
(૪) આનંદ શંકર ધૃવ

૫. ઈતિહાસના પિતા તરીકે કોણ પ્રસિદ્ધ છે ?
(૧) અલબરુરી (૨) અબુલ ફજલ(૩) હેરોડોટેસ (૪) વિલિયમ જોન્સ

૬. કયા ગ્રહને નીલો ગ્રહ કહે છે ?
(૧) શનિ (૨) પૃથ્વી (૩) મંગળ (૪) બુધ

૭. વારસાગત લક્ષણોને કઈ વિદ્યા કહે છે ?
(૧) દેહ ધર્મ વદ્યા (૨) અશ્મી વિદ્યા (૩) જનીન વિદ્યા (૪) પરિસ્થિતિ વિદ્યા

૮. ગુજરાતની કઈ નદીએ ઊંડા કોતરો બનાવ્યા છે ?
(૧) નર્મદા (૨) તાપી (૩) સાબરમતી (૪) મહી

૯. ગાંધીજીનો પહેલો આશ્રમ કયો ?
(૧) સન્યાસ આશ્રમ (૨) ગાંધી આશ્રમ (૩) કોચરબ આશ્રમ

૧૦. રામધારી સિંહ 'દિનકર' ને કઈ કૃતિ માટે જ્ઞાનપીઠ એવોર્ડ મળ્યો હતો ?
(૧) જનની (૨) ઉર્વશી (૩) ઘાટીણી (૪) મા

જવાબો:

૧. અમદાવાદમાં, ૨. વિનોબાભાવે, ૩. મુલ્લાદોપ્યાઝા, ૪. નંદશંકર મહેતા, ૫. હેરોડોટેસ, ૬.પૃથ્વી, ૭. જનીન વિદ્યા, ૮. મહી, ૯. કોચરબ આશ્રમ, ૧૦. ઉર્વશી

વાંઝીયો રાજા (વારતા)

એક રાજા એક વખત જાજરું જવા નીકળ્યો હતો. એક ઓળગણી ઝૂડા વેચવા નીકળી હતી. તેણે અચાનક રાજાને જોયો. પછી ઓળગણી પાછી વળી ગઈ. રાજા વિચારમાં પડી ગયો. પછી રાજાને દરબારમાં જઈને સિપાઈયોને હુકમ કર્યો, 'સિપાઈઓ જઈને તપાસ કરો કે ઓળગણી ઝૂડા વેચવા નીકળી હતી તે કેમ પાછી વળી ગઈ.' પેલા સિપાઈઓ ગામમાં ગયા અને પેલી ઓળગણીને કહ્યું કે, 'તું સુપડા, સાવરણા વેચવા નીકળી હતી ત્યારે રાજાને કેમ પાછી વળી ગઇ હતી. ' 'સુપડા, સાવરણાવાળી ઓળગણી બોલી કે, 'હું ખાલી પાછી વળી ગઇ.' પુછીને સિપાઇઓ પાછા ળી ગયા. સિપાઇઓએ રાજાને જઈને એમ કહ્યું કે, 'એ પાછી એટલા માટે વળી ગઇ કે એ વેપાર કરવા માટે જઇ રહી હતી અને રાજાજી તમે સામે મળ્યા. એટલે એને અપશુકન થયા કારણ કે કમે વાંજીયા છો અને વાંજીયાના શુકન લઇને તે વેપાર કરવા જાય તો એણે વેપાર નહીં થાય. એમ ઓયગણીએ કહ્યું. રાજાએ સિપાયોને હુકમ કર્યો કે, 'જાઓ આપણા રાજભંડાર ખોલીને ઓળગણીના ઘરે બધીજ વસ્તુઓ આપી આવો.' સિપાઇઓ ઓળગણીના ઘરે જઇને બધી જ વસ્તુઓ આપી આવ્યા.

ઓળગણીના ઘરમાં અનાજનો એક કણ પણ હતો નહીં. ઓળગણો ઘરે ન હતો. એ ઘરે આવીને જોવે છેતો તેના ઘરમાં ઘણું બધું અનાજ હોય છે. તે તેની પત્નિને અનાજ કયાંથી આવ્યું એ વિશે પુછે છે. બધી જ વાત તેના પતિને કહે છે, તેણી કહે છે કે, 'હું વેપાર કરવા જતી હતી અને

રાજા મને સામા મળ્યા એટલે હું પાછી વળી ગઇ. રાજાને માઠું લાગ્યું અને એમણે સિપાઇઓને મોકલીને મારું પાછું વળવાનું કારણ પૂંછયું તો મેં જણાવ્યું કે રાજા વાજીયા છે, વાંજીયા માણસના શુકન લઇને જઈએ તો વેપાર ન થાય. સિપાઇઓએ આ વાત રાજાને કરી એટલે રાજાએ તેમના રાજભંડારમાંથી કોદરા, બંટી, બાવટો, ચોખા, તેલ એમ બધી જ વસ્તુઓ આપણા ઘરે ગાડાં ભરીને મોકલાવી છે.' પછી ઓળગણાએ એમ કહ્યું કે, 'રાજા જાતે આવીને ચબૂતરામાં ઘઉં ચોખા નાખે અને હું પણ મારા બંટી-બાવટો નાખું. જો પક્ષીઓ રાજાના ઘઉં ચોખા ચણે તો જ હું રાજાનું અનાજ લઇશ, નહિ તો નહિ ખાઉં.' પછી આ વાત સિપાઇઓએ રાજાને જઇને કરી. રાજા પછી પોતે અનાજ નાખવા આવ્યો. એ વખતે ઓળગણાના જ કોદરા, બંટી-બાવટો પક્ષીઓએ ખાધાં. પણ રાજાના ઘઉં-ચોખા ના ખાધા. રાજાઆ જોઇને વિચાર કરવા લાગ્યો કે પક્ષીઓ પણ મારા ઘરનું અનાજ ખાતાં નથી તો મારું જીવવું બેકાર છે. મારે મારા રાજમાં રહેવું બેકાર છે. એમ વિચાર કરીને રાજા રાજપાટ છોડીને વનવાસ કરવા નીકળી ગયો. રસ્તામાં જતાં-જતાં એક ખંડેર જેવું મંદિર જોવા મળ્યું. રાજાએ વિચાર કર્યો કે જીવું તો પણ આ જ મંદિરમાં અને મરું તો

પણ આ જ મંદિરમાં. એમ નિશ્ચય કરી તે રાજા મંદિરમાં સાફ-સફાઇ કરીને મંદિરમાં ધીણી સળગાવીને તપસ્યા કરવા ભુખ્યો-તરસ્યો બેસી ગયો.

આ મંદિર શંકર ભગવાનનું હતું. શંકર ભગવાન રાજાના તપથી ડોલવા લાગ્યો. ભગવાને વિચાર કરી પોતે શંકર ભગવાન પૃથ્વી ઉપર આવ્યા. મંદિર જોડે આવીને સાધુનો વેશ લીધો અને આવીને રાજાને પુછ્યું કે, ‘બોલ તું કોણ છે અને તારું દુઃખ શું છે.’ રાજાએ કહ્યું કે, ‘હું રાજા છું. મહારાજ તમે કોણ છો.’ તમે આટલા ઘોર જંગલમાં કેમ આવ્યા છો? તો પછી મહારાજનો વેશ લઇને આવેલા ભગવાને કહ્યું કે, ‘હું પોતે શંકર ભગવાન છું. બોલ તારે શું જોઇએ છે? મને કહે તો તારું દુઃખ દૂર કરી દઉ.’ રાજા કહે છે કે, ‘મહારાજ, ખરેખર મારું દુઃખ તમે દૂર કરશો.’ મહરાજે જવાબ આપ્યો કે, ‘હા, હુ તારું વાંજીયા મહેણું દૂર કરીશ.’

મહરાજ રાજાને ધોકો આપે છે, પછી કહે છે કે, ‘રાજા આ મંદિરની પાછળ આંટો માર.’ રાજા મહરાજની વાત સાંભળીને ધોકો લઇને પાછળ જાય છે. ત્યાં તે આંબાનું એક ઝાડ જોવે છે અને પાછો આવે છે. પછી મહારાજ કહે છે ‘પાછળ જઇને તેં શું જોયું.’ રાજાએ મહારાજને જવાબ આપ્યો, ‘પાછળ જઇને મે ત્યાં એક આંબાનું ઝાડ જોયું.’ મહારાજે કહ્યું કે, ‘રાજા તું પાછો જા ને જવાબ આપ્યો, ‘પાછળ જઇને મે ત્યાં એક આંબાનું ઝાડ જોયું.’ મહારાજે કહ્યું કે, ‘રાજા તું પાછો જા ને આંબા ઉપર જોજે અને એક ધોકો મારજે. બીજો ધોકો મારીશ તો કેરીઓ અને ધોકો ઉપર જતા રહેશે.’ રાજા જઇ ને ઉપર જોઇને ધોકો મારે છે, તે સાત કેરીઓ પાડે છે. રાજાએ વિચાર કર્યો. ‘હું આટલા વરસથી વનવાસ રહ્યો તો મારી પ્રજા કહેશે કે રાજા શું લાવ્યો? એટલા માટે રાજા બીજો ધોકો મારે છે.’

બીજો ધોકો મારે છે કે તો કેરીઓ અને ધોકો ઉપર જતાં રહે છે. રાજા પાછો મહારાજ પાસે જાય છે ને મહારાજને કહે છે કે, ‘મહારાજ મારો ધોકો અને કેરીઓ

ઉપર જ રહી ગઇ.' મહારાજ કહે છે કે, 'રાજા તને મેં એક જ ધોકો મારવા કહ્યું હતું પણ તેં બીજો ધોકો માર્યો એટલે ધોકો અને કેરીઓ ઉપર રહી ગઇ.' રાજાએ મહારાજના પગ પકડયા, 'મહારાજ મને માફ કરો. મારાથી આ ભૂલ થઇ ગઇ છે. હવેથી હુંબીજો ધોકો નહીં મારું' મહારાજ રાજાને પાછો મંદિરની પાછળ જવા કહે છે. પછી બીજો ધોકો મારે છે એટલે પેલી સાત કેરીઓ પડે છે. રાજા પેલી સાત કેરીઓ લઇને પોતાના રાજ્યમાં જાય છે. રાજાને સાત રાણીઓ હતી તેમાંથી એક રાણી નાપસંદ હતી. એટલે રાજા પેલી સાત કેરીઓ લઇ ગયો હતો, તે પેલી વહાલી છ રાણીઓને આપી દે છે અને એક કેરી વધી તે કેરીને રાજયમાં પ્રસાદ કરીને વહેંચી દે છે. એ કેરીઓના વધેલા છોંતરા અને ગોટલા ઉકરડામાં નાખી દીધા હતા. પેલી દવલી રાણીએ એક દાસીને કહ્યું. 'જઇને ઉકરડામાંથી કેરીઓના વધેલા છોંતરા અને ગોટલા લઇ આવો.' પેલી દાસી ઉકરડામાં જઇને કેરીઓના છોંતરા અને ગોટલા લઇ આવીને પેલી રાણીને આપ્યાં. રાણીએ ગોટલા કુટીને પાણીમાં નાખીને પીધા, તેમાંથી તેને એક છોકરો રહ્યો એ છોકરો ચંદ્ર ના તેજ જેવો હતો અને પેલી છ રાણીઓને એક-એક લૂલો, લંઘડો, આંધળો, બોબડો, બહેરો એમ ખોડખાંપણવાળા છોકરા જન્મયા. આખરે રાજાએ પેલી અણગમતી રાણીના છોકરાને ગાદીએ બેસાડયો.

દિવાસા (ગીત)

અમુ તે ગરબાના રમનારા,
કે ગરબો રમી જોયો રે લોલ...
સાત શિયાળાનો ગરબો,
કે ગરબો રમી જોયો રે લોલ
અમુ નાંનેથી રમનારા,
કે ગરબો રમી જોયો રે લોલ...
અમુ પાવાનાં પાતરીયાં કે,
કે ગરબો રમી જોયો રે લોલ...

અમુ બાપુનાં લાડવેતાં કે,
કે ગરબો રમી જોયો રે લોલ...
અમુ માતાના લાડવેતાં કે
કે ગરબો રમી જોયો રે લોલ...
અમુ વીરાના લાડવેતાં કે,
કે ગરબો રમી જોયો રે લોલ...
અમુ બેનોનાં લાડવેતાં કે
કે ગરબો રમી જોયો રે લોલ...

કડવા લીમડાની એક ડાળ મીઠી લા...
રણછોડ રંગીલા...
કાચા પાકા બાવળીયા વેરાવો લા...
રણછોડ રંગીલા...
આપણા ઘરમેં બે ગળ્યા ગોદા લા...
રણછોડ રંગીલા...
અમુ દિવાસાનો ગરબો રમવા લા...
રણછોડ રંગીલા...

ચાંદે ચાંદેણી શેરી રાત,
માડી મને રમવા જવા દે...
માડી મારા હાથે ઘુઘરીયાળો વેઢ,
માડી મને રમવા જવા દે...
માડી મારો જુવાનીયો જીવડો,
માડી મને રમવા જવા દે...



રાજા કાકરી વીનો? (વારતા)

ક્રમશઃ...

બામણ તે એકીજ વાત લવ્યે જાય-'મેં તે રાજા મીળીને જ જામ્નો.' આખાર સિપાઈ રાજાય પાહે ગુવો ને આયખાં -'એક ગરીબડો બામણ આમનેલો આય તો અંદાર આવું માંગે તાય.' રાજા બોલનો કા, 'આવું દે.' ચોકીદાર બામણા રાજાય બંગ્લામાં હાદી લે ગુવો.

બામાણે રાજાય સલામ ભયરી. રાજેં બામાણા પૂયસાં કા, 'કજે આં આમ્નો ?'

'મેં તે તુંણે ઢંઢેરાઈ વાત જાયણી ઉલેં આં આમ્નો.'

રાજા ચગરો ઉલેં આગાળયાં આમ્ના તે સાસાળ નાંય કરુનો અહાં વિચારાં. રાજાએ આયખાં કા, "મેં પેલ્લે જલામમાં કા ઘરામ કયેલાં તે માંણો ઈમીંઓ જલામ રાજાયો વીનો આય. તાંણો માં હાચો જવાબ ઈમી ઉલેં ઈમીંજ દે. નાંય તે તુંણે બે આથામાં બેડી લાગી જીં. કોટડીમાં લાખી દી." જીરીંક વાર તે બામાણ ઘાભરાઈ ગો. અવેં માં રાજા માંણે ઘર નાંય જાંમ દી. બામાણ ઈમ્માત કરીને બોલનો-

'તું રાજા ઉલેં મોઠો રાજા આખાય. મેં આયતો માણુંહ આય. ખોટા રખે લાગાડીહ. આંણો જવાબ તે માં પાહે ભી નાંય મીળે પુણ મેં આખેહ તહાં તું કરીહ તે તુંવા જવાબ જડી જીં.'

રાજાએ આયખાં -'આખ તિયાર.'

બામણ આખું મંડનો કા, 'આથા હ કોહ આગાળ જામ્ના. હ કોહ જાતાં એક બામાણાય ઘર આવી. ઘરમાં બામાણાય પોહી ભાતાય પોળિયા બનાવે તાંય. તીં પોળિયા ઘડી પાઠી વાટામાં આથ ધોવીને આથ ધોવેલાં પાણી લાખુંલાગ બાર નીંધી. તિયાર તું તાં જાય રય. ઈ જહાં આખે તહાં તું કરીહ તે તુંવા તુંણો જવાબ જડી જીં.'

રાજા કાગડાએ જહી નજારવાળો ઉલેં બધ્ધાં પરધાના હાયદાને આયખાં કા, 'મેં બાર ગાંવ જામ્નો આય. મેં જાં હુધી નાંય આવે તાં હુધી બધ્ધાં ખાવાડજા, પીવાડજા ને હુવાડજા. કાંય કમી રખે રાખજા. કુણા ભી જાંવ રખે દેજા. પાકી ચોકી કરજા. એ બામાણા તે અલાગ રંવના ઓફજા, બામાણા હાચવજા.'

રાજ અઠ ઉલેં કા આખે ? હ કોહ આધે જામ્નો ઉલેં તે ઘોડસાળમાંથો જબરો ઘોડો લેધો. એખલાં નાંય જાંવ દી અહાં વિચારીને રાજાયે તે રાણીયા ભી કાંય નાંય આયખાં. ઘોડા પાક બહીને ગો. વાટે એકલોજ. વાટયેમાં આબદા બો પડની. બંગ્લામાં ખાધેલાં તહાં આં કાં જડે? આખે ભી કુણાં ? અગ્ગોજ વાટે પાક ઘોડા ધામધાડિયા કરે. તીહ લાગે તિયાર કુવે પાણી પીને આગાળ ચાલે. અહામાં એક આયતાંહા નગાર આમ્ના. લોકાય ઘરે દેખાયને. તાં રાજા તે ઉભો રયને એક માણહા પૂંયસા કા, 'બામાણાય ઘરે કેધે આય?'

'તીયે દેખાય તાં જે.'

રાજા જહો પુગ્નો ઉલામાંજ બામાણાય બાંડગી પોહી પોળિયા બનાવીને વાટામાંથા પાણી બાર લાખુંલાગ નીંધની. તીયે રાજા ભાયળો. પોહીએ રાજા હાયદો ને ઘરમાં બહાયડો. પાંયે પડની. આયબાહ ઘરમાંથે વેગ વેગ બાર આમને ને રાજાએ પાંયે પડને. ઘરમાં જહાં બનાવેલાં અતાં તહાં જ રાજા ખાવાયડાં.

રાજા તળજી ગુવો કા, 'બામાણે માં આખેલાં તીંજ પોહી હોજી.'

રાજા વિચારે કા, 'આખે કાં નાંય આખે ? નાંય આખી તે માં જવાબ નાંય દી તે માંણી મેનાત પાણીઆમાં જી.'

રાજા બોલનોઃ 'બોણી માંણીહ એક કામ હારું આમ્નો આંય. તુંવા મેં આખે તાંણો હાચો જવાબ જોયે તાંય.'

પોહીયે આયખાં -'આમું તે આયતે માણુંહ પુણ આવડી તહો જવાબ દી.'

રાંજે આયખાં કા, 'મેં પેલ્લે જલામમાં કા ધરામ કધેલાં તે માંણો ઈમીંઓ જલામ રાજાઓ વીનો આય.'

'રાજા તુંણો જવાબ તે મેં દી પુણ તું જવાબ જાણીને કા કરુંનો તીં માં આખ.'

'આગળના જલામમાં જહાં કધેલાં તહાં ઈમીં કરે તે પાસો રાજા બને.'

'આથા તું દુહરા ચવુદ કોસ આગાળ જે. તાં એક પંડિતાય પોહી આંય તીં ઓટલા પાર બઠેલી પાર બઠેલી આય તીં તુંવા મીળી. તીંજ તુંવા જવાબ દી.'

રાજા તે મારતે ઘોડે તાંથો નીંઘનો. ચવુદ કોસ આગળ ગુવો. લોકાય વહતીમાં જાય લાગનો. રાજેં તે પોહીએ આખેલાં તહાં એક ઘર એક પોહી ઓટલા પાર બહી રનેલી એયરી. રાજા હમજી ગો કા, 'ઈજ પોહી પંડિતાય વી.' રાજા પાહે ગુવો. પૂંયસા 'પંડિતાય ઈજ ઘર કા ?' પોહી અહી પડની. પંડિતાય પોહી તે રાજા તળજી ગોઈ. હાયદો પાઠી ખાટલે બહાયડો. પંડિતાય પોહી બોલની કા, 'રાજા તું તે બો આઘેથો આમ્નેલો આય. બો ભંગ્રેલો વી. આરામ કર.' રાજેં આયખાં કા, 'માંણે તે તુંણા જ કામ પડના આય ઉલેં આમ્નો આય.'

'માંણા કહાંક કામ પડના ? માંણેથી વી થુંવે તે મેં કરી દી.'

'મેં પેલ્લે જલામમાં કા ધરામ કધેલાં તે માંણો ઈમીંઓ જલામ રાજાયો વીનો આય. ' તીં માં આખ. 'કજે ?'

'મેં પાસો ઈંજ ધરામ કરે તે માંણો પાસો ભી રાજાય જલાવે.' તાંણે હારું મેં બધ્ધી માથાફોડ કરે તાંય.

આણો જવાબ તે તુંવા મીંળી જીં પુણ આથો તું પંદાર કોસ આગાળ જે. તાં એક મોઠા નગાર આવી. ઈ નગારામાં એક મોઠો નગારહેઠ રય તાય. તાંણી ડોહાડી ભારેપગે આય.

‘તાં તું જે ને એક રાત રચ પડીહ.’ નગારહેઠ કાંય તુંવા દવડી નાંય મુકી. તુંવા તે હેરીને જ જાણી જીં કા, ‘તું રાજા આય ઉલેં હાજી રીતે રાત રાખી.’ રાજા આયાકઃ ‘તીં રાતીયાં નગારહેઠાય ડોહાડીયે હુવાવાડ વી. તિયાર તુંણે તાં જ રંમના. એઘેતેય રખે વેહ.’ ડોહાડીયે હુવાવાડ વેતિયા પેલ્લાં તું માળીયાય પાહેયે ફુલાય આર, ફુલેં ને દુકાનામાંથે નાળીયાળ, તેલ, રુ, દીવાહળી, ધુપ લે લીહ. ઈ તુંણે નગારહેઠા નાંય જાણું દેમના. બધ્ધાં ગુપાત રાખીહ. ઈ વાત હાખું જહાં હાચવીહ.

નગારહેઠાય ડોહાડીયે હુવાવાડ વી પુણ પોહાં ભોહળાયલાં આવી. નગારહેઠ તે બો મુંજાય જીં. હગે ને અડોહી પડોહી ભેગા વીને પોહાં મહાણિયેમાં દાટુંલાગ લે જીં. રાજા તું ભી હાથે જ જીં. પોહાં કેણે જાગાયે દાટે તીં તુંણે એરેત રંમના. મહાણિયેથા બદ્ધા આવે તિયાર તુંણે ભી આવી રંમના. તુંવા તે અલાગ જાગાયે હુવાડી ઉલેં રાતિયાં બાર વાગા પાઠી કુણી નાંય જાણે અહો ઊઠીહ. જાં પોહાં મહાણિયેમાં દાટેલાં તાં એખલોજ જીહ. પોહાંય પાહે દીવો પેટવીહ. ધુપ કરહી ને નોળિયોરફોડીહ. ઈમ્માત રાખીને પોહાં ઉકરી કાઢીહ. પાઠી પેલાં પોહાં તુંણે અંગેમાં લે લીહ ને તીયા આર પોવાડીહ. ઉલેં તુંવા ઈંજ પોહાં જવાબ દી. તુંવા હાચ્ચો જવાબ મીંળી જીં. અવેં તુંવા કણી ભી જાવાં નાંય પડી.

પંડિતાય પોહીયે આખેલી વાત હાચી માની રાજા તે અરિકમાં આવી ગુવો. અરિકમાં ને અરિકમાં રાજા એક મોઠા નગારામાં પુગી ગુવો. નગારામાં તે ઘણા નગારહેઠ રચ થતા. પંડિતાય પોહીએ આખેલા તહો જ નગારહેઠ હોધતા વાર લાગ્ગી. નગારહેઠે રાજા તળઝી કાયઢો. રાજેં આયખાં કા, ‘ફિરુંલાગ નીંઘનેલો આય તે આજની રાત તુંણે ઘર રંવનો આય.’ ભંજાત પડે તુલીવારમાં નગારહેઠે તે રાજા ખાવાડી દેધાં.

રાજા આરામ કરે નાંય કરે તુંલીવારમાં નગારહેઠાય ડોહાડીયે હુવાવડ વીની.

પોહાં તે ભોહળાયેલાં જલમાયના. નગારહેઠ ને નગારહેઠાય ડોહાડી બો રડે. અડોહી પડોસી ભેગે વી ગુવે. હગે ભી આમ્ને. રાતીયાં પોહાં તે મહાણીમાં લે ગુવા. રાજા ભી આરીંજ ગુવો. રાજેં તે પોહાં ભૂંયમાં દાયટાં તીં જાગા હેંરી લેધી. મહાણિયેથે બદ્ધેં નગારહેઠાય ઘર આવી પુગ્રે. બધેંજ ઓંધળી પડને. નીતાળસીતાળ વી ગુવેં.

રાજા વિચારે કા, 'પંડિતાય પોહીએ આખેલાં તીં હાચા પડના.' રાજા હુસિયાર અતો ઉલેં પોહીએ આખેલી તીં બદ્ધી વસ્તુ થેલામાં લે આમ્નેલો. રાજા અલાગ જાગાયે હુતો પુણ નીંદ આવે કા? ભરરાતીયાં મહાણીમાં જામ્ના ને એકલેજ ઉકરુંના તી કાંય હેલી વાત કાં ? કહાંક વી? રાજા તે બિયાક ભી લાગુ મંડની. પોહાં જીવતાં વી ગુવા ને માં ભખી ખાય ગુવાં તે? મહાણિયેમાં ભુતડેં નીંઘને તે? માણી દસા કાં વે?

રાત પડી ગોઈ ઉલેં નગારહેઠાય ઘર પાર ચોકીદાર હાચવું લાગના. રાજા રાતીયાં બાર વાગુની તિયારી વીની ઉલેં ઊઠનો. થેલાં લેધાં ને બાર નીંઘનો. ચોકીદારે પૂંયસા. રાજેં આયખાં કા, 'માં તે રાતીયાં ચાલુની હવે આય તે જીરીક એધે હીંડી આવે.' રાજા ચોકીદારા ઠગીને હિદ્ધો મહાણિએમાં ગો. પોહાં જાં દાટેલાં તાં રાજેં દીવો કધો. ધુપ કધો. નાળીયાળ ફોયડાં. રાજેં એકવાર બદ્ધે ઘણ નજાર મારીને એરી લેધાં. માણુંહ કા જનાવાર કાંય કુણી વે તે ? પોહાં તાંજા દાટેલાં ઉલેં ઉકારતાં બો વાર નાંય લાગ્રી. પોહાં અંગેમાં ને કુલાય આર પોવાયડી પોહાં જીવતાં વી ગુવા. રાજા ગાભરાય ગો. પોહાં બોલનાં 'રાજા બીયે રખે.'

'તુંણા સવાલાઓ જવાબ કુણા નાંય દેવાયલો આય પુણ મેં દી.'

'મેં પેલ્લા જલમાય વાત આયાકઃ તુંવા બામાણ ને પંડિતાય પોહીયા મીળનીયા તીયા માણીયા બણિયા અતી. મેં ભાહ અતો. માંણે આયબાહે બો ગરીબડે ને ગરીબડી ગાય જહેં અતે. ગમેતાંથા લાવીને આમા ખાવાડે થતે. ખાવલાગ પાંચ

ભાગ પડે થતા. માંણો તે ભાગ મેં ખાય જાય પણ બામાણાય ને પંડિતાય પોહીયા ભાગામાંથા ભી મેંખાય જાય. માંણે આયબાહે ભૂખે રયને બધા ખાવાડેલાં. બધ્ધા વેવાર હાજી રીતે કધેલા.

માંણે આયબાહે રાતદિહ મેનાત કધી તે નસીબ પલટાયના. બાહ તે અડોહી પડોહી, હગેવાલાં મદેદ કધેલી. કઠોળ, ભાત હો બો ઓફેલાં. દંગડે ભી ઓયફેલે. દુઃખી ખોડિયા માણહાંઈ સેવા ભી કધેલી. અજાણાં લોકો ભી મદેદ કધેલી. તીં બધ્ધાં ધરામ આડે આમ્નાં આંણે લેધે તું આજ રાજા બન્નો આય. તું માંણો બાહ ને વાય રાણી વીનીઆય. માંણી એક બણીહ બામાણાય તાં ને દુહરી પંડિતાય તાં જનમની. મેં તે આળહુયો પીર અતો। આયબાહાં બો ટટળાવેલેં ઉલેં મેં તે મરે ને જલમાય. અદેક નગારહેઠાય તાં જલમાયનો. ખાધેલાં તીં વાળવાં પડે. માંણો ઓ સેલ્લો જલામ આય. રાજા તુંવા પાર આજુ ભી ટાયામ આય. હાચો ધરામ કરીહ તે તુંણા દિહ ફિરી. પાસો રાજા વીહ. કુડાએ ભી કાન રય તાંય ઉલેં ઈ વાત બધ્ધી ગુપાત રાખીહ. કુણાં ભી રખે આખીહ. અહાં આખીને પોહાં તે પાસાં અતાં તહાં જ વીવલતાં બંધ વી ગુવા. રાજેં રડેત રડેત પોહાં પાસા ભૂંયમાં દાટી દેધાં.

રાજા કુણી નાંય જાણે તહો મરાખે નગારહેઠાય તાં આવીને હુઈ ગુવો. હવાર પડતાં બંગ્લે આવુંલાગ નીંઘનો. બંગ્લે આમ્નો ને બધ્ધાં એકજાગે ભેગે કધે. બધ્ધા દંગડે, પૈહા, દાણો... જાતીવાનિયા દાન ઓયફા અંહતા મુંવે ખુસીથી ગુવા. કાસીયા બામાણા અધ્ધાં રાજ કાગલા પાર લખી ઓયફા પુણ બામાણે નાંય લેધાં. બામણ રાજાએ તાં રય ગુવો ને રાજા મદેદ કરં લાગનો. રાજા હાચા ધરમાય વાટે ચાલુ લાગનો.

ઝેરોક્ષ મશીન

તમે માર્કશીટ કે સ્કુલ લીંવીંગ સર્ટીફીકેટ કે એવા કોઈ બીજી કોપીની જરુર પડે તેવા દસ્તાવેજની ઝેરોક્ષ કોપી તો જોઈ જ હશે. અસલ કાગળને કાચ ઉપર ઉંધો મુકીને એક સ્વીચ દબાવતાં જ નીચેથી સરકતાં કોરા કાગળ ઉપર અસલ કાગળની કાળા રંગની કોપી કેવી તરત તૈયાર થઈ જાય છે? આ ઝેરોક્ષ મશીન ઈલેકટ્રોસ્ટેટીક પદ્ધતિ પ્રમાણે કામ કરે છે. ઈલેકટ્રીકના પ્રવાહથી કોરો કાગળ વિધુત ભાર વાળો બને છે જે કોઈપણ સૂક્ષ્મ રજકણોને આકર્ષી શકે છે. અસલ કાગળનું પ્રતિબિંબ કોરાકાગળ પર પડે ત્યારે તેમાં કાળા ભાગની જગ્યામાં કાગળમાં વિધુતભાર ઉત્પન્ન થાય તેવી ગોઠવણ હોય છે. જેમાં કાળા રંગના રજકણો ચોંટી જઈને આકૃતિ બનાવે છે. તમે જોયું હશે કે એક ચોરસ ડબ્બામાં કાગળને મુકીને હલાવવામાં આવે છે જો કે આ જુના મશીનની વાત થઈ હવે તો જેમાં કાળા રંગનો બારીક પાઉડર લગાડેલો હોય છે જેનાથી બીજી કોપી તૈયાર થઈ જાય છે. ઝેરોક્ષ મશીનની શોધ ૧૯૩૭માં ચેસ્ટર કાર્લસન નામના વૈજ્ઞાનિકે કરેલી.

ચેસ્ટર કાર્લસનનો જન્મ કેલીફોર્નીયાના સીટલ ખાતે ૮મી ફેબ્રુઆરી ૧૯૦૬ના રોજ થયો હતો. તેના પિતા વાળંદનો ધંધો કરતા હતાં. માત્ર ૧૫ વર્ષની નાની વય દરમ્યાન જ તેના માતા પિતા ટી.બી.ને કારણે મરણ પામ્યા હતાં. અનાથ બનેલા ચેસ્ટરે ગમે તેમ દેવું કરીને વિજ્ઞાન શાળામાં અભ્યાસ કરીને કેલીર્ફોનીયા ઈન્સ્ટીટયુટમાંથી બેચરલની ડીગ્રી મેળવી હતી. અભ્યાસ પાછળ કરેલું દેવું ચૂકવવા માટે તેણે ન્યુયોર્કની બેલ લેબોરેટરીમાં નોકરી સ્વીકારી હતી. તે નોકરી છોડીને તેણે બેટરીની એક ફેકટરીમાં નોકરી સ્વીકારી હતી છતાંય પૂરાં નાણાં મેળવી શક્યો

નહોતો. તે જમાનામાં કોઈપણ લખાણ કે કાગળની કોપી હાથવડે લખીને કરાતી ચેસ્ટર આર્થ્રાઈટીસથી પીડાતો હતો અને લખી શકતો નહોતો આ પરિસ્થિતિમાં તેણે કાગળોની ઝડપી નકલ બનાવવાની શોધ કરવાની પ્રેરણા આપી અને તેણે ૧૯૩૭માં ઝેરોક્ષ કોપી કરવાની રીત શોધી કાઢી. ઘણા બધા પ્રયોગો પછી છેક ૧૯૪૮માં પ્રથમ કોપી કાઢી શકેલો. પરંતુ તેમાં ૧૦ થી ૧૨ પ્રોસેસ કરવી પડતી. પરંતુ ઈલેક્ટ્રો ફોટોગ્રાફીનો સિદ્ધાંત સૌ પ્રથમ તેણે ઉપયોગ કરેલો. આજે આધુનિક મશીનો પણ તેજ પદ્ધતિથી કામ કરે છે. ૧૯૬૮ના સપ્ટેબરની ૧૯ તારીખે ન્યુયોર્કમાં ચેસ્ટરનું અવસાન થયેલું.

ઉખાણાં

(૧) પેટ મારું પોલુંને, માર ખાઈને બોલું,

મારે એનું ગળું ઝાલી આમ-તેમ ડોલું. - ઢોલ

(૨) લાલ કિલ્લામાં કાળા સિપાહી,

લીલી દિવાલમાં ગયા સમાઈ. - તરબૂચ

(૩) રાતાં ચણાને પેટમાં પાણાં,

ખાતાં એને રંકને રાણાં. - ચણીબોર

(૪) સૂ સૂ કરતો આવું છું, વાદળ ખેંચી લાઉં છું.

ફૂલ-પાન ડોલાવું છું, નદી જળ-હલાવું છું. - પવન

(૫) કાળો છે પણ કાગ નહીં, દરમાં પેસે પણ નાગ નહીં.

ઝાડે ચડે પણ નાગ નહીં છ પગ પણ પતંગિયું નહીં. - મકોડો

(૬) લાલ ભેંસે ટોપી પહેરી, કાગળ ખાવા બેઠી.

ખાધું એટલું ગામેગામ મેં તો વહેંચી દીધું. - ટપાલ પેટી

(૭) ખેતર વચ્ચે ડોશી દાંત કાંઢે. - કાલું

(૮) મા લટકતી ને છોડી ભટકતી - તાળું-ચાવી

(૯) ભર્યા કૂવામાં પાંશેરી તરે - કાચબો

(૧૦) ખેતર વચ્ચે ડોસો કેડ બાંધીને સૂતો. - પૂળો

(૧૧) છીછરી તલાવડી છીછરી પાળ,

પાણી ના રહે પૈસાભાર.હથેળી

(૧૧) એક ગોખલામાં ગોરબાઈ રમે. - જીભ

(૧૨) આમ જાઉં તેમ જાઉં જ્યાં જાઉં ત્યાં પાછળ સંતાઉં. - પડછાયો

(૧૩) કાળી ધોળી કાબરી નગરી જોતી જાય,
લાખો પૈસા ખરચતાં મૂલ એનું ન થાય. - આંખ

(૧૪) બે ભાઈ દિવસે ઝઘડે ને રાતે છાના છપ્પ. - બારણાં

(૧૫) તપેલીમાં તપેલી મહીં કલંગી ઘોડો,
ખોલાય તો ખોલો નહીતર માથું ફોડો. - તાળું

(૧૬) કોઈ દિના અટકું, મારું છું ના મટકું,
હાથ પર ચીટકું ને ગામેગામે ભટકું,
ટકટક બબડૂં ને ઘરમાંય લટકું,
આળસુંના પીરને હંમેશા હું ખટકું. - ઘડિયાળ

(૧૭) આકાશે અમે ઉડીએ, વનવગડે અમે વસીએ,
ચાંચ વડે અમે ચણીએ, તરીએ ઊડીએ રમીએ. - પક્ષીઓ

(૧૮) વનવગડામાં લોહીનાં ટીપાં. - ચણોઠી

(૧૯) બોલે છે પણ મુખ નહીં, ચાલે છે પણ ચરણ નહીં,
કાંટા છે પણ વાગે નહીં, કાંટા છે પણ વાગે નહીં,
તોય જાણે આખું જગ. - ઘડીયાળ

(૨૦) લીલું અંગ રાતી ચાંચ મીઠુ-મીઠુ બોલે,
ઝાડે બેસી હિચકાં ખાતો ડાળી ઉપર ડોલે. - પોપટ

ફરી મળીશું

ગુજરાત રાજ્યના સીમાના દક્ષિણ તરફ મહારાષ્ટ્ર રાજ્ય વસેલું છે. મહારાષ્ટ્રમાં કોલ્હાપુર નામનો એક જિલ્લો છે. ત્યાં ગારગોટી નામનું એક નાનકડું ગામ છે. આશરે ૪૦ વરસ પહેલાં ત્યાંના બાળકોએ એક અદભુત સિધ્ધી હાંસીલ કરી હતી. બધા બાળકો ભેગા થઈને એમણે નક્કી કર્યુ કે એક સંગીતમંડળી ઉભી કરવી. બાળકો ભેગા થઈ પાંચથી પંદર વરસના બધા જ બાળકો સાથે મળ્યા હતાં. તેમાંથી એક જણાએ તબલો વગાડવાનું શીખી લીધું. બે ત્રણ જણાએ ઢોલક વગાડવાની શરુઆત કરી. પાંચ બાળકો વાંસળી વગાડતા થઈ ગયા. દરેક વાંસળીના આકાર અને લંબાઈ જુદી જુદી હતી. એટલે પાંચ અલગ સ્વરની વાંસળીઓ વાગવા માંડી. બે બાળકો સિતાર શીખી લીધી. એક બાળક પેટી વગાડવા લાગ્યો. ત્રણ છોકરીઓએ બુલબુલતરંગ નામનું વાદ્ય શીખી લીધું. નાના મોટા લંબાઈના તંતુવાદ્ જેની અંદર સંતુર અને સારંગી જેવા વાદ્યો હતા એ ગારગોટી ગામ સુધી પહોંચી ગયા.

બાળકોના જુથમાંથી ત્રણ-ચાર છોકરાઓ ખુબ મીઠા સ્વરમાં ગાઈ શકતા હતા. એમની સાથે મધુર સ્વરવાળી છોકરીઓ પણ ગાવા શીખતી થઈ ગઈ. વળી પાછા ગીતો જે ઘરમાં સાંભળેલા પારંપારિક ગીતો, રેડીયો પર સાંભળેલા લોકપ્રિય ગીતો અને નિશાળમાં ભણવવામાં આવતા કાવ્યો પર આધારિત એવા ગીતો આ બાળકો ગાતા હતા અને ગીતોની ભાષા? – મરાઠી, હિન્દી, કાનડી, ગુજરાતી, અંગ્રેજી જાત જાતની ભાષા. પછી બધાએ નક્કી કર્યુ કે એક કાર્યક્રમ કોલ્હાપુરમાં રજુ કરીશું. કાર્યક્રમનું સંચાલન કરવા માટે કોઈ વડીલો એવા હતા નહીં. બાળકોએ પોતે જ કાર્યક્રમ રજુ કર્યો. સાત હજાર નાગરિક ભેગા થયા અને ગારગોટીના બાળકોનો

સંગીત સાંભળવા લાગ્યા. બે કલાક સુધી કાર્યક્રમ ચાલ્યો. જે માણસો કાર્ક્રમ માટે ભેગા થયા હતા એમને વિશ્ર્વાસ નહીં આવ્યો કે બાળકો આટલી સારી રીતે સંગીતનો કાર્યક્રમ પુરો થયાં પછી તાળીઓનો ગડગડાટ થયો અને એ સાત હજાર પ્રેક્ષકોએ ગારગોટીના બાળકોને ખબા પર ઉંચકીને એમનું એક ભવ્ય સરઘસ કાઢયું. બધા છાપાવાળાઓને બાળકોના વખાણ કરવા પાના ઓછા પડવા માંડયા. આ સમાચાર ધીમે ધીમે દિલ્લી સુધી પહોંચ્યા. તે વરસના પ્રજાસત્તાક દિને એટલે ૨૬ મી જાન્યુઆરીના રાષ્ટ્રીય કાર્યક્રમ માટે ગારગોટીના બાળકોનું દિલ્લીમાંથી તેડામણ આવ્યું. ભારત સરકારે ખુબ સરસ વ્યવસ્થા ગોઠવેલી અને દિલ્લીના ઈંડિયાગેટના બગીચામાં આ ગારગોટી ગામના બાળકોએ ૨૬ જાન્યુઆરી રોજે કાર્યક્રમ રજુ કર્યો. એ કાર્યક્રમની અંદર 'સારે જહાંસે અચ્છા' એ ગીત છોકરીઓએ અને છોકરાઓએ ગાયનમાં રજુ કર્યુ અને ત્યાર પછી વાંસળી પર, સિતાર પર, સંતુર પર, સરોદ પર અને બુલબુલતરંગની મદદથી પણ એ ગીત રજુ કર્યું.

આ કાર્યક્રમના સમાચાર દેશ પરદેશ બધે જ પહોંચ્યા. કાર્યક્રમ પછી તે સમયના રાષ્ટ્રપતિએ બાળકોને રાષ્ટ્રપતિ ભવનમાં બોલાવ્યા અને તેમણે પૂંછ્યું કે, 'તમે આ સંગીત મંડળી બનાવી, પણ એ મંડળી બનાવવી જોઈએ એ વિચાર તમને કોણે આપ્યો?' બાળકો આટલા મોટા હસ્તીસાથે વા ત કરતા શરમાતા હતા પણ એક ૫-૬ વરસની ઢિંગલી જેવી છોકરી બોલી, 'દરેક બાળક ને ગાતા આવડે છે.' વાત સાચી છે. જેને સંગીત નથી એ બાળક નથી. દરેક બાળકને ઈચ્છા હોય છે કે હું ખુબ ગાઉ. અને કોઈક વાદ્ય મળે તો વગાડું. કદાચ આપણા ગામમાં પણ એવું સંગીત જૂથ બનાવીએ તો?

મોટર ચલા (ગીત)

તું મેરી મોટર મેં તેરા ડ્રાઈવર
મોટર ચલા મોટર ચલા...
કવાંટમાં જોઈશું, કવાંટમાં જોઈશુ
મેળામાં ફરશું ચગડોળમાં બેસીશુ
વડોદરામાં જોઈશુ, વડોદરામાં જોઈશુ
કમાટી બાગમાં ફરશું ભેલ પૂરી ખાઈશું
અમદાવાદમાં જોઈશુ, અમદાવાદ જોઈશુ
કાંકરિયા તળાવમાં ફરશું સીંગદાણા ખાઈશુ
ગાંધીનગરમાં જોઈશુ ગાંધીનગરનાં જોઈશુ
અક્ષરધામમાં જોઈશુ ખીચડી પૂરી ખાયશુ
એની પુલ નીચે ગાડી પુલ ઉપર
લાલ લાઈટ થાય...(૨) પીળી લાઈટ થાય..(૨)
મોટર હંકાર મોટર હંકાર

Adivasi Academy, Tejgadh

Bhasha Research and Publication Centre